# 70th Foundation Day of ICCR

April 09, 2020

## આઈસીસીઆરનો 70મો સ્થાપના દિવસ

એપ્રિલ 09, 2020

સાંસ્કૃતિક સંબંધો માટેની ભારતીય પરિષદ (આઈસીસીઆર) 9 એપ્રિલનાં રોજ તેનો 70મો સ્થાપના દિવસ ઉજવી રહી છે, જોકે, અગાઉ આયોજન કરવામાં આવેલી ભવ્ય ઉજવણીને હવે કોવિડ-19 નાં કારણે એક વર્ષ મોકુફ રાખવામાં આવી છે.

"આઈસીસીઆર ભારતીય સંસ્કૃતિની પ્રબુદ્ધ સમજણ કેળવવા બાબતમાં સંપૂર્ણ સમાયેલ છે અને જ્યારે સમગ્ર વૈશ્વિક સમુદાય અભૂતપૂર્વ પડકારનો સામનો કરી રહ્યો છે, એકલતા અનુભવી રહ્યો છે અને વિખૂટો પડી ગયો છે, ત્યારે ભારતીય તત્વજ્ઞાનનો વસુધૈવ કુટુંબકમ અર્થાત વિશ્વ એક પરિવાર છે તેવો સંદેશ ભૂતકાળમાં કોઈપણ સમય કરતા વધારે સંબંધિત બન્યો છે. આ લોકડાઉનની પરિસ્થિતિમાં પણ, આઈસીસીઆર દ્વારા યોગ, શાસ્ત્રિય નૃત્યો અને હિન્દી અને સંસ્કૃતમાં પણ ઈટ્યુટોરિયલ હાથ ધરવામાં આવી રહ્યા છે. અમે 'શો મસ્ટ ગો ઓન' સાથે કાર્ય કરી રહ્યા છીએ. સંયુક્ત રીતે કોવિડ-19 નાં પડકારનો સામનો કરવાની થીમ પર એક વૈશ્વિક કલાની સ્પર્ધાની જાહેરાત કરવામાં આવી ચૂકી છે અને આવા ઘણા પ્રોગ્રામો મારફત અમે આ ઘટનામાં ઉભરી આવીશું", આઈસીસીઆર પ્રમુખ ડૉ. વિનય શહસ્ત્રબુદ્ધે આ પ્રસંગે તેઓનાં સંદેશમાં કહ્યું હતું.

આઈસીસીઆરની સ્થાપનાં 1950 માં ભારતનાં પ્રથમ શિક્ષણ મંત્રી મૌલાના અબુલ કલામ આઝાદ દ્વારા ભારત અને વિશ્વ વચ્ચે સાસ્કૃતિક સંબંધો અને પારસ્પરિક સમજનું ઘડતર કરવાનાં અને મજબૂત કરવાનાં, તથા અન્ય દેશો અને લોકો સાથે સાંસ્કૃતિક આદાન-પ્રદાનોનો પ્રચાર કરવાનાં ધ્યેય સાથે કરવામાં આવી હતી.

છેલ્લા સાત દાયકાઓ દરમિયાન, એક સંસ્થા તરીકેનાં આઈસીસીઆરનાં કાર્યે ભારતનાં સાંસ્કૃતિક વારસાનાં પ્રચાર તરફ નવા આયામો હાંસલ કર્યા છે અને સુ-રચિત અને લક્ષ્યાંકિત કાર્યક્રમોની શ્રેણી મારફત વિદેશ મંત્રાલયનાં "સોફ્ટ પાવર" હાથ તરીકે ઉભરી આવી છે.

વિદેશમાં તેનાં 38 સાંસ્કૃતિક કેન્દ્રો અને ભારતમાં 19 પ્રાંતિય કચેરીઓ મારફત આઈસીસીઆરનાં સાંસ્કૃતિક, શૈક્ષણિક અને બૌદ્ધિક આદાન-પ્રદાનોની વ્યાપક-શ્રેણી અને વિદેશમાં ભારતની સંસ્કૃતિનાં પ્રચારમાં ભારતીય કલા, ઈતિહાસ, મૌખિક પરંપરાઓ, નૃત્ય, સંગિત, યોગ, ભાષાઓ, ખાનપાન, તહેવારો અને સમકાલિન મુદ્દાઓ સહિતની વિવિધ સંપર્ક પ્રવૃત્તિઓનો સમાવેશ કરે છે.

વૈશ્વિક સમુદાયમાં ભારતીય સંસ્કૃતિની પ્રબુદ્ધ સમજનું નિર્માણ કરવાનાં બૃહદ ધ્યેય માટે આઈસીસીઆરની ક્ષેત્રમર્યાદા અંતર્ગત મોટા પ્રોગ્રામો હાથ ધરવામાં આવી રહ્યા છે, જેઓને વ્યાપક રીતે નીચે મુજબ વર્ગીકૃત કરી શકાય છે:

1. ભારતીય સાંસ્કૃતિક પ્રતિનિધિ મંડળોની વિદેશ મુલાકાતો દ્વારા ભારતીય કલાનાં સ્વરૂપોનો પ્રચાર અને વિદેશમાં ભારતનાં તહેવારો યોજવા;

2. ભારતમાં વિદેશી સાંસ્કૃતિક વૃંદો અને આંતરરાષ્ટ્રિય સાંસ્કૃતિક ઉત્સવો યોજવા;

3. ભારતમાં અને વિદેશમાં કલા અને હસ્તકલાનાં પ્રદર્શનો;

4. વિદેશમાં ભારતની આદર્શ હસ્તિઓની અર્ધ-પ્રતિમાઓ અને પ્રતિમાઓ ભેંટમાં આપવી;

5. આંતરરાષ્ટ્રિય વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ યોજનાઓ કાર્યરત કરવી;

6. ફેલોશીપ પ્રોગ્રામો, વિદેશી સંસ્થાઓ/વિશ્વવિદ્યાલયોમાં ભારતીય ખુરશીઓ સ્થાપવી;

7. ભારતની ઝાંખી આપવા માટે વિદેશથી પ્રતિષ્ઠિત અને શૈક્ષણિક મુલાકાતીઓને આમંત્રિત કરવા;

8. ઍવોર્ડ કાર્યક્રમો (ભૂતપૂર્વ વિદ્યાર્થી, ઇન્ડોલોજી અને સંસ્કૃત);

9. વિદેશમાં ભારતની ભાષાઓ, ખાસ કરીને હિન્દી અને સંસ્કૃત અને ભારતીય સાહિત્યનો પણ પ્રચાર કરવો;

10. વિદેશમાં યોગનો પ્રચાર અને આંતરરાષ્ટ્રિય યોગ દિવસની ઉજવણી;

11. વાર્ષિક ભાષણ શ્રેણીઓ હાથ ધરવી (21 મે નાં રોજ વિશ્વ સાંસ્કૃતિક દિવસ ચિહ્નિત કરવા દીન દયાળ ઉપાધ્યાય સ્મૃતિ વક્તૃત્વ)

વર્ષો વિતતા, વિચારો, આદર્શો અને સંસ્કૃતિઓનાં આ પારસ્પરિક સંકરણ મારફત, આઈસીસીઆર આપણી સદીઓ પુરાણી સભ્યતા અને સાંસ્કૃતિક મૂલ્યોને વિશ્વ સમક્ષ લઇ ગઇ છે અને વસુધૈવ કુટુંબકમ - વિશ્વ એક પરિવારનો ધ્યેય કેળવ્યો છે. આઈસીસીઆરનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની મજબૂત પાંખ, જે પ્રબુદ્ધ વૈશ્વિકરણની એકસમાન ભાવનાથી તરબોળ છે, તે આઈસીસીઆરનો સંદેશ ફેલાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ પરિષદ હવે વિવિધ ભારતીય વિશ્વવિદ્યાલયો/સંસ્થાઓમાં  વાર્ષિક રીતે સ્નાતક, અનુસ્નાતક, એમ.ફીલ/પીએચડી અને પોસ્ટ-ડોક્ટરલ ફેલોશિપ માટે વાર્ષિક રીતે આશરે 4,000 ફેલોશિપ ઑફર કરે છે.

ભારતીય સંસ્કૃતિ અને સભ્યતા માટે જ્ઞાનની ખોજ હંમેશા મૂળભૂત રહી છે. અનાદી કાળથી, ભારત સમગ્ર વિશ્વમાંથી જ્ઞાન-પિપાસુઓ અને જિજ્ઞાસુ મનનાં લોકોને આકર્ષિત કર્યા છે. ભારત શિખવાનું કેન્દ્ર હોવાનું ચાલું રહ્યું છે અને કોન્ફરન્સ, સેમિનાર, ભારતીય અભ્યાસોની ખુરશીઓ અને ભારતીય સંસ્થાઓનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓ મારફત શૈક્ષણિક આદાન-પ્રદાનોનો પ્રચાર કરે છે.

સાત દાયકાઓનું આપણુ અસ્તિત્વ ગર્ભ અને આનંદની બાબત છે. આપણે સામનો કરી રહ્યા છીએ તેવી ચાલું કોવિડ-19 મહામારીનાં કારણે, આઇસીસીઆર ભારત અને વિદેશમાં વિવિધ ઓનલાઇન પ્રવૃત્તિઓ હાથ ધરીને 9 એપ્રિલનાં રોજ તેની સ્થાપનાં દિવસનાં આ પ્રસંગને ચિહ્નિત કરશે. ભારતમાં અને સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રિય વિદ્યાર્થીઓ અને ભારતીય વિદેશ નિવાસીઓ માટે નિબંધ લેખન સ્પર્ધા યોજવામાં આવશે. ભારતમાં અભ્યાસ કરતા આઇસીસીઆર વિદ્યાર્થીઓની બ્લોગની સ્પેસ લોન્ચ કરવામાં આવશે અને વિદેશમાં રહેલા આપણા ભારતીય મિશનો તેઓનાં અધિકૃત દેશોમાં સુયોગ્ય રીતે આ દિવસની ઉજવણી કરશે.

**નવી દિલ્હી**
**એપ્રિલ 09, 2020**

Disclaimer: This is an approximate translation. The original is available in English on MEA's website and can be referred to as an official press release.